ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સિક્યોરીટી ડિપોઝીટ્સની ડિમાન્ડ કરાતાં રોષ

સેવામાં સુધાર નહિ અને સઘનીકરણ નહિ છતાં વપરાશ વધ્યો છે એટલે ડિપોઝીટની રકમ વધારવાનો નિર્ણય તઘલખી : બેચરજી ઠાકોર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. દ્વારા માસિક વીજ વપરાશ એવરેજ યુનિટ કરતાં વધી જતા હોવાથી સિક્યોરીટી ડિપોઝીટ્સની ઉઘરાણી શરૂ કરવામાં આવતાં ગ્રામીણ વિસ્તારમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

ગ્રાહકોને આ અંગે આપવામાં આવેલ નોટીસમાં જણાવ્યા મુજબ જો આ સિક્યોરીટી ડિપોઝીટની રકમ ભરવામાં નિષ્ફળ જશો તો ૦.૨૫ ટકા પ્રતિ સપ્તાહ સરચાર્જ નોટીફીકેશનના નિયમ ૪:૧૩ મુજબ લાગશે તેમજ કનેક્શન પણ કપાઈ શકે છે.

આ ડિપોઝીટની રકમ નોટીસ મળ્યાના ૩૦ દિવસમાં જમા કરાવવાની રહેશે તેમ પણ સ્પષ્ટ જણાવવામાં આવ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં એકાએક યુ.જી.વી.સી.એલ. દ્વારા ડિપોઝીટના નાણાં લેવા માટે અપનાવેલા આ વલણને લઈ ગ્રામીણ વિસ્તારમાં રોષની લાગણી જન્મી છે.

કુડાસણ બેઠકના જિલ્લા પંચાયતના પૂર્વસદસ્ય બેચરજી ઠાકોરે આ અંગે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે જે તે સમયે સિક્યોરીટી ડિપોઝીટ પેટે જે નાણાં જમા કરાવ્યા હતા તેનુ આજની તારીખે મૂલ્ય પણ જોવુ જોઈએ. માત્ર પ્રજાના ખિસ્સા ખાલી કરવાનો તંત્રનો અભિગમ અન્યાયી છે.

તેમણે જણાવ્યુ છે કે વીજ માંગમાં વૃદ્ધિ આખા રાજ્યમાં થઈ છે અને જ્યારે તમે સરેરાશ એવરેજ બિલની ગણતરી કરો છો તેના વિશે કેમ પ્રજા સાથે કોઈ સીધો સંવાદ કર્યા વિના જ ઉઘરાણી શરૂ કરવામાં આવી છે.

રાજ્યમાં વીજ ઉત્પાદન વધ્યુ નથી અને વીજ વપરાશ વધ્યો છે તેનો દંડ ગ્રાહકોને કેમ કરવામાં આવે છે. વીજ કંપનીએ તેની કોઈ સેવામાં સુધારો કર્યો નથી કે સેવાનું સઘનીકરણ પણ કર્યુ નથી ગ્રામ્ય વિસ્તારમાં પુરતા વોલ્ટેજ સાથે વીજ સપ્લાય પણ નથી મળતો ત્યારે આવી કડક ઉઘરાણીથી જનતાને રોષ નહિ પણ આંદોલનનો માર્ગ અપનાવવાની ફરજ પડશે.

જો કે જી.ઈ.બી.ના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ નિર્ણય સરકાર કક્ષાએ અને કંપની બોર્ડ બેઠકમાં લેવામાં આવ્યો છે. લોકોએ જરૂર પડ્યે સ્માર્ટ મીટર લગાવડાવવા જોઈએ.

જો કે કેટલાક અભ્યાસુ ગ્રાહકોએ જી.ઈ.બી. દ્વારા યુનિટની ગણતરી તેમજ વસુલવામાં આવતા ચાર્જની ગણતરી એટલી અટપટી બનાવી છે કે તેની કોઈને સમજ પડતી નથી. બીજુ બિલ બે માસને બદલે માસિક બિલ આપે તો સરેરાશ વપરાશની પણ ખબર પડે. તંત્ર દ્વારા તઘલખી નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. કોરોનાના કપરા કાળ પછી હજુ લોકોને કળ પણ નથી વળી ત્યારે આવી રીતે ડિપોઝીટ્સના નાણાં લેવાની વાત અને તેમાંય કનેક્શન કાપી નાખવા સુધીની ચીમકી પ્રજાને આંદોલન તરફ ધકેલી રહી હોય તેમ લાગે છે.

અક્ષરધામ પહોંચ્યા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં સુપ્રસિદ્ધ સ્વામિનારાયણ ધામ અક્ષરધામ મંદિરની મુલાકાત લઈ ભક્તિ ભાવપૂર્વક દર્શન કર્યા હતા અને નિલકંઠવર્ણી અભિષેક શ્રદ્ધાપૂર્વક કર્યો હતો.

વરસાદી દિવસોમાં સેકટરોના કોમન ચોકમાં સફાઈ કામ હાથ ધરાયુ

સેકટરોના રહેણાંક વિસ્તાર અને આંતરિક માર્ગો આસાપાસ બિનજરૂરી વનસ્પિત ઉગી નિકળતા મચ્છર અને જીવાતનો ઉપદ્રવ વધ્યો

ગાંધીનગર તા ૧૮

શહેરના સેકટરોના કોમન પ્લોટમાં બિનજરૂરી વન્સિપત અને ઘાસ ઉગી નિકળતા રહીશો મચ્છર અને જીવાતના ઉપદ્રવથી પરેશાન છે. કોર્પોરેશનના સફાઇ કામદારો દ્વારા કોમન ચોકની સફાઇ શરૂ કરી દેવામાં આવી છે. નવરાત્રિ ટાંણે સેકટરોમાં કોમન ચોકની સફાઇ માટે સ્થાનિકો દ્વારા રજુઆત કરવામાં આવતી હોય છે. પરંતુ આ વર્ષે કોર્પોરેશને વહેલાસર સફાઇ કામ શરૂ કરી દીધુ છે.

શહેરમાં વરસાદી દિવસોના અંતે સેકટરોના કોમન પ્લોટ તેમજ આંતરિક માર્ગો આસપાસ બિનજરૂરી વન્સપતિ ઉગી નિકળી છે. જેના લીધે રહેણાંક વિસ્તારમાં મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધ્યો છે. એકબાજુ કોર્પોરેશનની ચુંટણી પણ નજીકમાં છે. ત્યારે દર વર્ષે નવરાત્રિ દરમિયાન કોમન ચોકની સફાઇ માટે શેરી ગરબાના આયોજકોએ કોર્પોરેશનના તંત્ર સમક્ષ રજુઆત કરવી પડે છે. પરંતુ આ વર્ષે ચુંટણી પણ નજીકમાં છે ત્યારે સેકટરોના કોમન ચોકમાં અત્યારથી કોર્પોરેશને સફાઇ કામગીરી શરૂ કરી દીધી છે. જો કે આગામી નવરાત્રિ મહોત્સવ દરમિયાન મોટાપાયે ગરબાનુ આયોજન થવાનુ નથી જેમાં સંસ્થાકીય ગરબા મહોત્સવના આયોજકોએ આ અંગે અગાઉ જાહેરાત પણ કરી દીધી છે. પરંતુ સેકેટરોમાં શેરી ગરબા અંગે હજુ કોઇ નિર્ણય લેવાયો નથી. ત્યારે અત્યાર સુધી ગરબા મહોત્સવને અનુલક્ષી કોઇ તૈયારી પણ કરવામાં આવતી નથી. સેકટરોના કોમન ચોકમાં વરસાદી દિવસો દરમિયાન ઘાસ ઉગી નિકળ્યુ છે. જયારે રખડતા ઢોર પણ કોમન પ્લોટમાં અડ્ડો જમાવતા હોવાથી ગંદકીની સમસ્યા વધુ જટીલ બની છે. સેકટરોમાં લાંબા સમયથી સફાઇના અભાવે સ્થાનિકો આમ પણ ત્રાહીમામ પોકારી ગયા છે. સેકટરોમાં ખુંણે ખુંણે કચરાના ઢગ જોવા મળે છે. જયારે માર્ગો ઉપર પણ રેતી અને કપચીના લીધે વાહનચાલકોએ હાલાકી વેઠવી પડે છે. સેકટરોમાં સફાઇ ઝુંબેશ હાથ ધરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે સેકટરોમાં હાલ કોમન ચોકની સફાઇનુ કામ શરૂ કરાયુ છે. શહેરમાં મચ્છર અને જીવાતનો ઉપદ્રવ ડામવા અને ગંદકી ઉલેચવા સેકટરોની શેરીઓમાં યોગ્ય સફાઇ થાય તે પણ અનિવાર્ય છે.

ગૂજરાત વિદ્યાપીઠ સાદરાના સેવકે વૃક્ષારોપણ કરી જન્મદિન ઉજવ્યો

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સેવક ડૉ. મિતલ ભટ્ટ અને સેવક ગોવિંદ વાઘેલાનો જન્મદિવસ વૃક્ષારોપણ કરી ઉજવ્યો હતો. ડૉ. ગેલજી ભાટીયા અને જગદીશ પરીખે પ્રકૃતિના ગીતો ગાયા હતા અને બન્ને સેવકોને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી. વૃક્ષારોપણની કામગીરીનું સંપૂર્ણ માર્ગદર્શન સંકુલના સેવક રમેશભાઈ પટેલે કર્યુ હતુ.

શ્રી પાર્શ્વનાથ દિંગબર ચૈત્યાલ્ય સ્વપ્નવિલા-૩, પેથાપુરમાં તા.૧૦-૯-૨૧ થી ૧૯-૯-૨૧ સુધી પર્યુષણ મહાપર્વ ઉજવાઈ રહ્યો છે. આ દરમ્યાન ભક્તો દ્વારા જિનાભિષેક, પૂજા તથા સાંજે આરતી, ભજન અને સ્વાધ્યાય આદિ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. વીણાબેન, સારીકાબેન અને પીન્કીબહેને ઊપવાસ-તપ કરેલ છે. જેઓ પાર્શ્વનાથ ભગવાનની ભક્તિ કરતા નજરે પડે છે.

...મારે કલેક્ટર બનવુ છે... અને સરગાસણની ફ્લોરા અમદાવાદ જિલ્લાની કલેક્ટર બની

૧૧ વર્ષની બ્રેઇન ટ્યુમરથી પીડાતી ફ્લોરાની અદમ્ય ઇચ્છાને અમદાવાદ જિલ્લા કલેક્ટર સંદિપ સાગલેએ પૂર્ણ કરી- વહીવટી તંત્રની અત્યંત સંવેદનશીલ પહેલ...

ગાંધીનગર, તા. ૧૮

સરગાસણમાં રહેતી ૧૧ વર્ષિય ફ્લોરા અમદાવાદની કલેક્ટર બની..! બ્રેઈન ટ્યુમર જેવી બીમારીથી પીડાતી ફ્લોરાની કલેક્ટર બનવાની ઈચ્છા મેક અ વીશ ફાઉન્ડેશનના માધ્યમથી પૂર્ણ થઈ. અમદાવાદ કલેક્ટર સંદીપ સાગલેએ ફ્લોરાની ઈચ્છા પૂર્ણ કરી તેને એક દિવસ માટે કલેક્ટરની ખુરશી પર બેસાડી હતી. તેના હસ્તે વિવિધ યોજનાઓની સહાયનું વિતરણ પણ કરાયુ હતુ.

'મારી ૧૧ વર્ષની દિકરી ફ્લોરા ધોરણ ૭માં અભ્યાસ કરી રહી છે. ભણી-ગણીને કલેક્ટર બનવાનું તેનું સ્વપ્ન છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી તે બિમાર છે. ડોક્ટરે કીધું છે કે તેને બ્રેઇન ટ્યુમર છે. જેથી અમે બધા ખૂબ જ ચિંતીત છીએ. ચિંતા તેના સ્વપ્નને પૂર્ણ કરવાની પણ છે કે હવે તે ક્યારેય કલેક્ટર બની શકશે ? શું ક્યારેય મારી દિકરી ફ્લોરાનું કલેક્ટર બનવાનું સ્વપ્ન પૂર્ણ થશે ખરૂ ?... અને ફ્લોરા એક દિવસ માટે કલેક્ટર બની... અમારુ આખુ પરિવાર આજે અત્યંત ખુશ છે...

આ શબ્દો છે ફ્લોરાની માતા સોનલબેન આસોડિયાના. ફ્લોરાની કલેક્ટર બનવાની અદમ્ય ઇચ્છાની જ્યારે અમદાવાદ જિલ્લા કલેક્ટર સંદિપ સાગલેને જાણ થઈ ત્યારે તેમણે ફ્લોરા પ્રત્યે સંવેદનશીલતા દાખવીને ક્ષણભર પણ વિલંબ કર્યા વિના તેને એક દિવસ માટે કલેક્ટર બનાવવાની વાત સ્વીકારી. આજે ફ્લોરા તથા તેના આખા પરિવારે જિલ્લા કલેક્ટર કચેરીમાં એક દિવસ માટે ફ્લોરાના કલેક્ટર બનવાના સ્વપ્નને સાકાર થતા જોયુ. સરગાસણમાં રહેતી ફ્લોરાને જિલ્લા કલેક્ટરની ગાડીમાં અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરીમાં લાવવામાં આવી હતી. જ્યાં દરવાજે તેને ગાર્ડ ઓફ ઓનર અપાયું... ત્યાંથી ફ્લોરાને સીધી જ જિલ્લા કલેક્ટરની ચેમ્બરમાં લઈ જવાઈ... જિલ્લા કલેક્ટરે સ્વયં ફ્લોરાને કલેક્ટરની ખુરશી પર બેસાડીને ફ્લોરાની ઈચ્છાપૂર્તિ કરી. ફ્લોરાના ચહેરા પર પણ સ્મિત રેલાયુ હતુ.

જિલ્લા કલેક્ટર સંદીપ સાગલેએ આ સંવેદનાપુર્ણ ઘટના વર્ણવતા કહ્યું હતું કે, 'ફ્લોરા છેલ્લા સાત માસથી બ્રેઈન ટ્યુમરથી પીડાય છે, નાનપણથી જ ભણવામાં તેજસ્વી એવી ફ્લોરાને કલેક્ટર બનવાની અદમ્ય ઈચ્છા છે... મેક અ વીશ ફાઉન્ડેશન દ્વારા મને જાણ થઈ કે આ દીકરી બ્રેઈન ટ્યુમરથી પીડાય છે, અને તેને કલેક્ટર બનવાની બહુ ઈચ્છા છે.. મેં પળનો પણ વિલંબ કર્યા વિના મારા અધિકારીઓને તેના ઘરે મોકલીને ફ્લોરાની આ ઈચ્છા પુર્ણ કરવાની તૈયારી બતાવી... દીકરીની નાજૂક તબિયતના પગલે તેના માતા પિતા થોડી અવઢવમાં હતા... તેમના પરિવારજનો કદાચ મારી સામે આ રજૂઆત કરવામાં સંકોચ અનુભવી રહ્યા હતા. પણ મેં કહ્યું કે, આખુ જિલ્લ્લા વહીવટી તંત્ર તૈયાર છે બસ તેને એક દિવસ કલેક્ટર કચેરીમાં લાવો... તેના માતા પિતા તૈયાર થયા અને તેમના સહયોગ અને ઈચ્છાથી ફ્લોરાને એક દિવસ માટે કલેક્ટર બનાવી શકાઈ... જિલ્લાના વડા તરીકે આ દીકરીની ઈચ્છા સાકાર કરવાનો મને અવસર મળ્યો તે મારા માટે ગૌરવની વાત છે...' એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા વહીવટી તંત્રએ ફ્લોરાના પરિવાર પાસેથી ફ્લોરાની ઈચ્છા જાણીને તેને એક ટેબ્લેટ, બાર્બી ગર્લ સેટ તંત્ર દ્વારા અપાયો હતો. આ ઉપરાંત કલેક્ટરની ચેમ્બરમાં જ ફ્લોરાના જન્મ દિવસને નિમિત્ત બનાવીને કેક પણ કાપવામાં આવી હતી.

ફ્લોરાના માતા સોનલબેન તથા અપૂર્વભાઈ આસોડીયાએ કહ્યું હતું કે, ''અમારી દીકરી નાનપણથી ભણવામાં હોંશિયાર હતી. એ સદાય કહેતી કે 'મારે તમને કંઈક કરી બતાવવું છે.. સારી જિંદગી આપવી છે...' જો કે બ્રેઈન ટ્યુમરની બીમારી જણાતા અમે પણ ખુબ નાસીપાસ થઈ ગયા હતા... પણ મેક વીશ ફાઉન્ડેશને જિલ્લા કલેક્ટરનો સંપર્ક કર્યો, અને સાગલે સાહેબે પણ ક્ષણનોય વિલંબ કર્યા વિના અમારી દીકરીને કલેક્ટર બનાવી, એટલું જ નહી તેને ગાડીમાં લાવ્યા, ખુરશી પર બેસાડી તેના હાથે સરકારી યોજનાના લાભ પણ અપાવ્યા... અમે વાલી તરીકે જિલ્લા કલેક્ટરની આ સંવેદના અને આ અભિગમ જિંદગીભર નહી ભૂલીએ...' એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે એક દિવસીય કલેક્ટર ફ્લોરા દ્વારા 'વ્હાલી દીકરી યોજના' તથા 'વિધવા સહાય યોજના' અંતર્ગત લાભાર્થિઓને લાભ પણ વિતરિત કરાયા હતા.

બાળપણથી જ કલેક્ટર બનવાનું સ્વપ્ન લઈને જીવતી ફ્લોરાનું આ સ્વપન્ પૂર્ણ થતા ફ્લોરાના જીવનમાં નવઉર્જાનું સર્જન થયું છે. હવે તે પહેલા કરતા પણ વધુ જુસ્સા સાથે બ્રેઈન ટ્યુમર સામેની લડત લડવા સક્ષ્મ થઈ છે. તેના પરિવારને પૂર્ણ વિશ્વાસ છે કે તે આ જીવલેણ રોગને હરાવીને કાયમી કલેક્ટર બનીને પ્રજાજનોની સેવા કરવા સક્ષમ બનશે.

આ પ્રસંગે ફ્લોરાના પરિવારજનો, અધિક નિવાસી કલેક્ટર પરિમલ પંડ્યા, અધિક નિવાસી નાયબ કલેક્ટર યોગીરાજસિંહ ગોહિલ, દહેજ પ્રતિબંધક અધિકારી નિલેશ્વરીબા વાઘેલા અન્ય ઉચ્ચ અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ફ્લોરાને એક દિવસ માટે જિલ્લા કલેક્ટરે પોતાની ખૂરશી પર બેસાડી

રાજ્યના અનુસુચિત જનજાતિ સમાજના બાળકો માટે ૭ દિવસના એડવેન્ચર કોર્ષનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

બાળકો સાહસિક બને, કુદરતી વાતાવરણમાં ખીલે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા અનુસુચિત જનજાતિના ૮ થી ૧૧ વર્ષના બાળકો માટે ૭ દિવસીય એડવેન્ચર કોર્ષનું આયોજન કરવામાં આવેલ છે. રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા ૮ થી ૧૧ વર્ષની વય મર્યાદા ધરાવતા અને ભાગ લેવા ઈચ્છતા બાળકો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. ૭ દિવસીય એડવેન્ચર કોર્ષમાં અરજી કરનાર ઉમેદવારો પૈકી ૧૦૦ બાળકોની પસંદગી કરવામાં આવશે.

ઈચ્છુક બાળકોએ નિયત અરજીપત્રકમાં અરજી કરવાની રહેશે. જેમાં પોતાનું પુરું નામ, સરનામું, ટેલિફોન નંબર, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત વગેરે દર્શાવવાનું રહેશે. તદ્ઉપરાંત શારીરિક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર, પર્વતારોહણ, એન.એ.સી, એન. એસ. એસ કે સ્કાઉટ ગાઇડ, હોમગાર્ડઝ જેવી પ્રવૃતિ તથા રમતગમત પ્રવૃતિઓમાં ભાગ લીધેલ હોય તેની વિગત, વાલીની સંમતિ, પાસપોર્ટ સાઈઝ ફોટાગ્રાફ, તેમજ અનુસુચિત જનજાતિનું પ્રમાણપત્ર સામેલ હોવુ જરૂરી છે. સંપુર્ણ વિગતો સાથેની અરજી તા.૧૫-૧૦-૨૦૨૧ સુધીમાં જિલ્લા રમત-ગમત અધિકારીને જુનાગઢ - ૩૬૨૦૦૧ને આર.પી.એ.ડી.થી મોકલી આપવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે બાળકની લાયકાત અને ગુણવત્તાના આધારે પસંદગી સમિતિ દ્વારા ૧૦૦ બાળકોની પસંદગી કરાશે તેમ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરશ્રીની યાદીમાં જણાવાયુ છે.

હત્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો પ્રવિણભાઈને પેટની ડાબી બાજુએ ગોળી વાગી હોવાનું જાણવા મળ્યું હતું. તે સમયે તેમના મિત્રો સંતોષ ભરવાડ, જનક વિછીંયા, હરપાલસિંહ સરવૈયા, અને જયરાજસિંહ રાણા ફાર્મ પર હાજર હતા. તેઓ પ્રવિણભાઈને ગાડીમાં બેસાડી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા.પરંતુ સારવાર દરમિયાન તેઓનું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે વિજયને માહિતી મળી હતી કે આણંદના તારાપુર રોહીણી ખાતે રહેતા જયદિપસિંહ સનુભા ગોહિલ તેમજ તરૂણસિંહ અશોકસિંહ ઝાલા (કંથારીયા ચુડા સુરેન્દ્રનગર) સાથે પ્રવિણભાઈ સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરુપ ધારણ કરતા જયદિપસિંહે રિવોલ્વર વડે ફાયરીંગ કર્યું હતું. જયારે તરૂણસિંહે તલવાર વડે હુમલો કર્યો હતો. જયારે પ્રવિણભાઈને ગોળી પેટમાં વાગતા ગંભીર ઈજાને પગલે તેઓનું મૃત્યુ નિપજયું હતું. જયારે પ્રવિણભાઈ પર હુમલો કરનાર બંન્ને જણા મર્સિડીઝ કારમાં ભાગી ગયા હતા. સેકટર-૭ પોલીસે મૃતક પ્રવિણભાઈના દિકરાની ફરીયાદ લઈ હુમલાખોરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

નિયુક્ત કરાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગઈકાલે જિલ્લામાં યોજાયેલ મહાઅભિયાનમાં દેવકરણના મુવાડા એક માત્ર પ્રા.આ. કેન્દ્ર હતુ જ્યાં ૧૦૦ ટકા વેક્સિનેશનની કામગીરી થઈ હતી. ૯૦ ટકાથી ઉપર બે આરોગ્ય કેન્દ્રોમાં કામગીરી થઈ હતી જેમાં વેડા અને આદર મોટીનો સમાવેશ થાય છે.

૮૦ ટકાથી ઉપર ૪ પ્રા.આ. કેન્દ્રોમાં અને ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે ૨ પ્રા.આ. કેન્દ્રોમાં કામગીરી થઈ હતી. જિલ્લામાં શહેરી વિસ્તારમાં ખુબ જ નબળો પ્રતિસાદ સાંપડ્યો હતો. અર્બન-૧ કલોલમાં ૨૩.૩૩ ટકા અર્બન-૨ કલોલમાં ૩૬.૨૪ ટકા, દહેગામ અર્બન સેન્ટરમાં ૩૯.૭૧ ટકા તો માણસા અર્બનમાં ૩૧.૦૮ ટકા કામગીરી થઈ હતી.

દહેગામ તાલુકાના પાટનાકુવા પ્રા.આરોગ્ય કેન્દ્ર ખાતે ૨૭.૧૫ ટકા, આજોલમાં ૩૯.૯૪ ટકા, મોખાસણ પ્રા.આ. કેન્દ્ર ખાતે ૨૯.૩૫ ટકા, રૂપાલ પ્રા.આ. કેન્દ્ર ખાતે ૩૦.૭૮ ટકા કામગીરી થઈ હતી.

જિલ્લામાં આ નબળી કામગીરીના અહેવાલોને પગલે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે આજે તાબડતોબ એક પરિપત્ર કરી અને ચારેય તાલુકામાં ચાર લાયઝન અધિકારીઓ નિયુક્ત કર્યા છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચનાબેન પ્રજાપતિને કલોલ તાલુકાના, મિનળબા વાળાને ગાંધીનગર તાલુકાના, એસ.આઈ. પટેલને દહેગામ તેમજ ડી.પી. જાદવને માણસા તાલુકાના લાયઝન અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૨૦૮ ગામમાં વેક્સિનના પ્રથમ ડોઝની કામગીરી પૂર્ણ થઈ છે. જેમાં કલોલના ૩૪, ગાંધીનગરના ૩૦, માણસાના ૬૭, દહેગામના ૭૭ ગામનો સમાવેશ થાય છે. જિલ્લામાં હજુ ૭૮ ગામોમાં આ લક્ષ્યાંક સિદ્ધિ પ્રાપ્ત કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

જિલ્લામાં સમાવિષ્ટ ત્રણ નગરો દહેગામ કલોલ અને માણસામાં ૨૭ વોર્ડ છે જે પૈકી માત્ર કલોલના ૩ વોર્ડમાં ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ૧૬મી જાન્યુઆરીથી વેક્સિનેશન અભિયાન ચાલુ થયુ હતુ. ગઈકાલના મહા અભિયાનમાં ૪૭,૭૬૭ લોકોને આવરી લેવામાં આવ્યા હતા જે અત્યાર સુધીના અભિયાનમાં સૌથી વધુ અને વિક્રમી છે. ગઈકાલના અભિયાનમાં બીજો ડોઝ વેક્સિનનો લેનારાઓની સંખ્યા વધુ નોંધાઈ છે. આજે ૧૩ હજારથી વધુને વેક્સિનેશનમાં આવરી લેવાયા ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે વેક્સિનેશનના મહા અભિયાન પછી આજે ૧૩ હજારથી વધુ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં ૧૦,૭૪૬ લોકોને તો શહેરમાં ૨૮૫૫ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

મોરપીંછના રંગ ● પાના ૪થાનું ચાલુ...

જરૂર છે. કોરોનાની ગંભીર માનસિકતામાંથી લોકોને બહાર કાઢવાની જરૂર છે. લોકો ત્રીજો વિકલ્પ વિચારે એ પહેલા તેમને ભાજપા માટે ફરીથી વિચારતા કરવાની જરૂર છે. જેની સામે તમારે અનેક પડકરોનો સામનો પણ કરવો પડશે. સો લોકોને ખુશી મળતી હોય તો દસ લોકોની નારાજગી વહોરી લેવાનો ગુણ મોદી સાહેબ પાસેથી શીખવા જેવો છે. શિખરે પહોંચવું સારી વાત છે, પણ શિખરે બેઠા પછી નીચે શું થઈ રહ્યું છે તે દેખાતું નથી હોતું. અને દુનિયાના બધા જ શિખરોનો પાયો નીચે જ હોય છે. અને હંમેશાં નીચે વાળા બધાને શિખરે પહોંચવું હોય છે તેથી તેઓ સૌ પાયાને સતત હચમચાવતા જ રહે છે. આવી સ્થિતિમાં લીડરે ઉપર બેસીને નીચેવાળાને સ્વભાવ, સિદ્ધાંત, સિસ્ટમ અને અનુશાસનથી શાંત કરવાના હોય છે.

આપ રાજનીતિના વર્લ્ડકપના ફાઈનલ મેચની છેલ્લી ઓવર રમીને છ બૉલમાં છ છક્કા મારીને ગુજરાતને, ભાજપાને મેચ જીતાવો એવી શુભેચ્છાઓ, અને સર્વ પ્રજાને હંમેશાં પ્રસન્ન રાખો એવી અપેક્ષા સાથે.

આપનો શુભેચ્છક - ડૉ. કનૈયાલાલ ભટ્ટ
Email : 9426060601.india@gmail.com

રાજીનામું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુરજીત, રાણા ગુરમીત સોઢી અને અન્ય ધારાસભ્યો સાથે ફોન પર વાત કરી છે. પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર દરેક સાથે વાત કરી રહ્યા છે અને તેમનો અભિપ્રાય લઈ રહ્યા છે. પંજાબમાં કૉંગ્રેસ ધારાસભ્ય દળની મહત્વપૂર્ણ બેઠકથી પહેલા પાર્ટીના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ સુનિલ જાખરે મોટું નિવેદન આપ્યું છે. તેમણે શનિવારે કહ્યું કે, રાહુલ ગાંધીએ પાર્ટીની રાજ્ય એકમમાં ગુંચવાયેલી ગુત્થીને ઉકેલીને જે રસ્તો અપનાવ્યો છે. તેનાથી ના માત્ર કૉંગ્રેસ કાર્યકર્તાઓને મંત્રમુગ્ધ કરી દીધા છે, પરંતુ અકાલી (એડી) દળનો પાયો હચમચી ગયો છે.

કૉંગ્રેસની પંજાબ એકમમાં ચાલી રહેલા તણાવ વચ્ચે અખિલ ભારતીય કૉંગ્રેસ કમિટી (એઆઈસીસી) ના નિર્દેશ પર શનિવારે સાંજે રાજ્યના કૉંગ્રેસ ધારાસભ્ય દળની બેઠક બોલાવવામાં આવી છે. કૉંગ્રેસ મહાસચિવ અને પંજાબ મામાલાના પ્રભારી હરીશ રાવતે શુક્રવારે રાત્રે આ વિશે જાહેરાત કરી. બેઠકમાં અજય માકન અને હરીશ ચૌધરી ઓબ્જર્વર તરીકે હાજર રહેશે. તો બીજી તરફ કૉંગ્રેસમાં ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે સુનીલ જાખડે ટ્વિટરના માધ્યમથી પોતાની પ્રતિક્રિયા આપી. મુખ્યમંત્રી અમરિંદર સિંહ અને પ્રદેશ કૉંગ્રેસ કમિટિના અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધૂ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા તણાવની પૃષ્ઠભૂમિમાં થઈ રહેલી ધારાસભ્ય દળની આ બેઠકના કારણે નેતૃત્વ પરિવર્તનની પણ અટકળો ચાલી રહી છે. જો કે, હજુ પાર્ટી તરફથી કંઈ કહેવામાં આવ્યું નથી. પંજાબમાં આગામી વર્ષ વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. પરંતુ પાર્ટીમાં જૂથવાદ ચરમ પર છે. હરીશ રાવતના તમામ પ્રયાસ બાદ પણ કેપ્ટન અમરિંદર અને નવજોત સિંહ સિદ્ધૂની વચ્ચે સમાધાન થઈ રહ્યું નથી.

બાબુલ સુપ્રિયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવા માટે સમજાવવામાં આવ્યા હતા, પરંતુ ગાયકમાંથી રાજકારણમાં આવેલા બાબુલ સુપ્રિયોએ ત્યારે કહ્યું હતું કે તેઓ હવે સક્રિય રાજકારણનો ભાગ રહેશે નહીં. જોકે, બાબુલ સુપ્રિયો શનિવારે કોલકાતામાં તૃણમુલ કૉંગ્રેસના નેતાઓ અભિષેક બેનર્જી અને ડેરેક ઓબ્રાયનની હાજરીમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીની પાર્ટીમાં જોડાયા છે. તૃણમુલ કૉંગ્રેસે પોતાના ટ્વિટર પેજ પર જાહેરાત કરતા લખ્યું હતું કે, આજે નેશનલ જનરલ સેક્રેટરી અભિષેક બેનર્જી અને સાંસદ ડેરેક ઓબ્રાયનની હાજરીમાં ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ બાબુલ સુપ્રિયો તૃણમુલ પરિવારમાં જોડાયા છે. તૃણમુલમાં જોડાયા બાદ સુપ્રિયોએ જણાવ્યું હતું કે, મને ગર્વ છે કે મેં મારો નિર્ણય બદલ્યો છે. મને બંગાળની સેવા કરવાની તક મળી છે. હું ઘણો જ ઉત્સાહિત છું. હું સોમવારે દીદી (મુખ્યમંત્રી મમતા બેનર્જી)ને મળીશ. મને પાર્ટીમાં જે આવકાર મળ્યો તેનાથી હું ભાવુક બન્યો છું. મેં ખરા હૃદયથી કહ્યું હતું કે મેં રાજકારણ છોડી દીધું છે. મારા તમામ મિત્રોએ મને કહ્યું હતું કે રાજકારણ છોડવાનો મારો નિર્ણય ખોટો અને લાગણીઓમાં લેવાયેલો હતો. જોકે, હવે મને ફરીથી લોકોની સેવા કરવાની તક મળી છે.

સંકેત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રેલવે એક કારણથી ખૂબ ગમે છે. તમે ટ્રેક છોડી નથી શકતા અને દિશા બદલી નથી શકતા. પરંતુ જો ડાયવર્ઝન હોય તો તમે અમારા સ્ટેશન પર આવી શકો છો. તેમાં એન્જિન ટ્રેક નથી છોડવાનું. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો વિરોધ કરી રહેલી શિવસેનાના નેતા ઠાકરેએ એમ પણ કહ્યું હતું કે જો દાણવે મુંબઈ-નાગપુર બુલેટ ટ્રેન પ